ભારતમાં દુલ્હનની એન્ટ્રી માત્ર એક રસમ નથી પરંતુ એક યાદગાર પળ પણ હોય છે. આ જ એ જાદુઈ પળ છે જ્યારે બધાંની નજર દુલ્હન પર હોય છે પરંતુ હવે એ દિવસો ગયા જ્યારે દુલ્હનની એન્ટ્રી માત્ર 2 મિનિટમાં વોક કરીને પૂરી થતી હતી. હવે દરેક દુલ્હન શરમાયા વિના યુનિક અંદાજમાં લગ્નના દિવસે એન્ટ્રી કરવા ઇચ્છે છે. તો આવો જોઇએ દુલ્હનની એન્ટ્રીના કેટલાક આઈડિયાઝ...

આજકાલ લોકો સોશ્યલ મીડિયા ટ્રેન્ડસને બહુ ફોલો કરે છે. દરેક પોતાની એન્ટ્રીના વીડિયોઝ અને ફોટોઝ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી અને વ્યૂઝ અને લાઈક્સ મેળવવા ઇચ્છે છે. જો આ પોપ્યુલર અને ક્રિયેટીવ બ્રાઈડલ આઈડિયાઝથી તમે એન્ટ્રી કરશો તો બધી નજર બસ તમારા પર જ રહેશે.

## રોયલ પાલખી / ડોલી

જો તમે તમારી એન્ટ્રીમાં રાજસી ઠાઠમાઠ અને ડીપ ઇમોશનલ ટચ ઇચ્છતાં હો તો ડોલી કે પાલખીથી બહેતર બીજું કંઇ નથી. અલબત્ત આ સદીઓ જૂની પરંપરા છે પરંતુ તમે એને મોડર્ન અંદાજમાં શાનદાર બનાવી શકો છો. પાલખીને ફૂલોનાં ઝુમ્મરો, મખમલી પડદા અને ઝગમગતી રોશનીથી એવી રીતે સજાવો કે એવું લાગે કે રાજકુમારીની એન્ટ્રી થઇ રહી છે. તમે ફૂલોની બાસ્કેટ જેવી ડોલીમાં બેસીને પણ એન્ટ્રી કરી શકો.

## આરતી સાથે એન્ટ્રી

જો તમે તમારી એન્ટ્રીને થોડી સ્પિરિચ્યુઅલ બનાવવા ઇચ્છતાં હો તો આરતી સાથે બ્રાઈડલ એન્ટ્રી પરફેક્ટ રહેશે. રાતના સમયે આ પ્રકારની રોયલ એન્ટ્રી તમારા લગ્નના વિડિયોમાં ચાર ચાંદ લગાડશે. આરતી સાથે શંખનો નાદ માહોલને પવિત્ર આભાથી ભરી વધુ સ્પેશ્યલ બનાવશે. એ જોવામાં જેટલું કલાસી અને ખૂબસૂરત લાગશે એટલો જ તમને ખાસ અહેસાસ પણ કરાવશે. આ પ્રકારની એન્ટ્રી વખતે રીલ બનાવો તો એ વાયરલ થશે એ નક્કી.

## સ્મોક બોંબ એન્ટ્રી

જો તમે તમારી એન્ટ્રીને મેજીકલ, ડ્રીમી અને પૂરી રીતે સિનેમેટિક બનાવવા ઇચ્છતાં હો તો રંગીન સ્મોક બોંબ આજના જમાનાની સૌથી ટ્રેન્ડી અને ઇન્સ્ટાગ્રામ સ્ટાઈલ છે. કલ્પના કરો, જેવા તમે એન્ટ્રી કરો છો તમારી ચારે બાજુ ફ્યુશિયા, બ્લૂ કે સોફ્ટ પેસ્ટલ કલર્સના ધુમાડાનાં ગાઢ, ખૂબસૂરત વાદળ છવાઈ જશે. કેવો શાનદાર માહોલ બનશે!

## પેટ્સ સાથે એન્ટ્રી

શું તમારી પાસે કોઇ પેટ-પાલતુ પ્રાણી છે? જો હા, તો તમારા પ્યારા પેટ્સ સાથે મંડપમાં પ્રવેશ કરવાથી બીજો સારો આઈડિયા કયો હોઇ શકે? એનાથી માત્ર બધાંનું ધ્યાન તમારા તરફ આકર્ષાશે જ નહિ પરંતુ વિદાય પહેલાં અને નવી સફર શરૂ કરતા પહેલાં તમારા પેટ સાથે થોડો સમય વિતાવવાની તક પણ મળશે. પેટ સાથે સ્ટાઇલિશ અંદાજમાં એન્ટ્રી કરો.







### દુલ્હનની ધમાકેદાર એન્ટ્રીથી બનાવો

# લગ્નની યાદગાર પળ

## ફ્લોરલ અમ્બ્રેલા / ફૂલોની ચાદર



એ દિવસો ગયા જ્યારે દુલ્હન ચૂપચાપ શરમાતી શરમાતી મંડપમાં જતી હતી. 21મી સદીની દુલ્હન માત્ર હસતાં હસતાં જ નહીં પરંતુ ફૂલોની ચાદર ઓઢીને લોકપ્રિય ગીતો પર નાચે પણ છે. અલબત્ત, હવે એમાં પણ બદલાવ આવ્યો છે. આજકાલ ચાદરની જગ્યા ગુંબજ આકારની ફૂલોની છત્રી અથવા પિંજરાં જેવા ફૂલના બોકસે લીધી છે. ગુલાબ અને રજનીગંધા જેવા ટ્રેડિશનલ ફલાવર્સને બદલે વિદેશી મોસમી ફૂલો અને કયારેક તો સાચાં મોતીઓથી છત્રી સજાવવામાં આવે છે. દુલ્હનનાં આઉટફિટ્સ અને લગ્નના ડેકોરેશન સાથે મેચ થતી છત્રી બનાવવામાં આવે છે. આ અનોખા પ્રોપથી ફોટા પણ સુંદર આવશે.

## પર્સનાલાઇઝ્ડ LED વોક

એક વ્યક્તિગત LED પથનો ઉપયોગ કરો. તમે મંડપ તરફ જતાં હો ત્યારે તમારા નામનો પહેલો અક્ષર કે કોઇ વિશેષ મેસેજથી રસ્તો ઝગમગી ઊઠે.

## વિન્ટેજ કાર એન્ટ્રી

શું તમે તમારી એન્ટ્રીમાં જૂના જમાનાનો ચાર્મ એડ કરવા ઇચ્છો છો? તો વિન્ટેજ કારમાં એન્ટ્રી તમારા માટે બેસ્ટ રહેશે. એ માત્ર એક કાર નથી પરંતુ ગ્લેમરનો હાલતોચાલતો નમૂનો છે. આજકાલ વિન્ટેજ કારમાં બ્રાઇડની એન્ટ્રી બહુ ટ્રેન્ડમાં છે. એન્ટ્રી માટે એક શાનદાર રોલ્સ રોયસ, કલાસી બેંટલે કે એક રોમાન્ટિક રેટ્રો કન્વર્ટિબલ પસંદ કરો. જેવી આ કલાસિક બ્યૂટી વેન્યુ પર સ્લો સ્પીડમાં આવશે રોમાન્સ અને ગ્લેમરનું એવું બેલેન્સ રજૂ કરશે કે બધાં જોતાં જ રહી જશે. અને જો એ કાર દુલ્હન જાતે જ ચલાવીને આવે તો...!

## રિક્ષામાં દેશી સ્ટાઈલ એન્ટ્રી

અનોખા ફોટોબૂથ સેટઅપ માટે ખૂબસૂરત રીતે સજાવેલી રિક્ષાનો ઉપયોગ કરવા ઉપરાંત આજકાલ ઘણી દુલ્હન એનો એન્ટ્રી માટે પણ ઉપયોગ કરે છે. આ એન્ટ્રી ખાસ કરીને ઓપન એર વેડિંગ થીમવાળી જગ્યા કે રિસેપ્શન માટે એકદમ યોગ્ય છે. રિક્ષાને ફૂલો, ઝાલરો અને રંગીન કાપડથી સજાવી તમે એને હરતોફરતો માસ્ટર પીસ બનાવી શકો છો.

## ડાન્સિંગ પરેડ એન્ટ્રી

તમે લગ્નની શરૂઆત નોનસ્ટોપ મસ્તી અને એનર્જી સાથે કરી શકો છો. ડાન્સિંગ પરેડ એન્ટ્રી એક એન્ટ્રી ઓછી અને એક જબરજસ્ત મીની સ્ટ્રીટ પાર્ટી વધારે છે. તમે તમારી ગર્લ ગેંગ કે પરિવારજનો સાથે નાચતાં નાચતાં મંડપમાં પ્રવેશી શકો. તમે ધમાકેદાર ડાન્સિંગ બ્રાઈડલ એન્ટ્રી કરવા ઇચ્છતાં હો તો સૌથી પહેલાં તો યોગ્ય ગીત પસંદ કરો. ગીત પસંદ કરી જુઓ કે તમને કોઇ પ્રોપ્સ કે એકસેસરીઝની જરૂર તો નથી ને?

તમને ડાન્સ કરતાં જોઈ મહેમાનો પણ પોતાને રોકી શકશે નહિ અને તમારી સાથે એ પણ ઝૂમવા લાગશે. આ વેસ્ટર્ન સ્ટાઈલ એન્ટ્રી તમારા લગ્નને ખાસ બનાવશે.

## પેરાસેલિંગ એન્ટ્રી



જો તમે બીચ પર લગ્ન કરી રહ્યાં હો તો પેરાસેલિંગ એન્ટ્રીથી ધૂમ મચાવો. કલ્પના કરો કે તમે દુલ્હનના પોશાકમાં આકાશમાંથી નીચે ઊતરી રહ્યાં છો. અલબત્ત એ ચોક્કસ જ ધ્યાન રાખો કે તમારી પાસે લેન્ડિંગની એક સુરક્ષિત જગ્યા અને એક અનુભવી ઇન્સ્ટ્રક્ટર હોય.

